# 11. રાજસ્થાન

**જયંત પાઠક**



**જન્મ : ઈ.સ. 1920 મૃત્યુ : ઈ.સ. 2003**

કવિશ્રી જયંત હિંમતલાલ પાઠકનો જન્મ રાજગઢ ગામમાં થયો હતો. તેઓએ માધ્યમિક શાળા તેમજ કૉલેજ કક્ષાએ અધ્યાપનકાર્ય કર્યું હતું. સાહિત્યમાં ખાસ કરીને તેઓએ પદ્યમાં વિશેષ સર્જન કર્યું છે. મર્મર, સંકેત, વિસ્મય, સર્ગ... તેઓના જાણીતા પુસ્તકો છે. તેઓના સર્જનમાં પ્રકૃતિ, વતન, સંવેદના, પરમાત્મા, સુખ-દુઃખ...ના ભાવો પ્રગટ થતા જોવાં મળે છે. તેઓને વિવિધ પુરસ્કાર પ્રાપ્ત થયા છે. ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદના પ્રમુખ પદે પણ સેવાઓ આપી હતી.

આ પ્રકૃતિ ગીતમાં રાજસ્થાનની ભવ્ય ભૂમિની ભૌગોલિક, સાંસ્કૃતિક, પ્રાકૃતિક અને સામાજિક સ્થિતિને સરળ શબ્દોમાં રજૂ કરવામાં આવી છે. રેતાળ ધરતી, ઓછી ખેતી, પશુપાલન, ભવ્ય વારસામાં મહેલો અને સંગ્રહાલયોની વિગત ગીત-કાવ્યમાં કેન્દ્ર સ્થાને છે. રેતી-ખેતી, ઘેટાં-ઊંઘરેટાં... જેવાં પ્રાસ ગીતને ગેય ને મધુર બનાવે છે.

આ પ્રકૃતિગીત છે. વિશ્વભરના સાહિત્યમાં સૌથી લાંબી પરંપરા સાથે જીવંત રીતે વિકસતું રહેલું કોઈ સ્વરૂપ હોય તો તે ગીત છે. ગીતથી જ કવિતાનો અને સાહિત્યમાત્રનો આરંભ થયો છે એમ મનાય છે. શબ્દોની સરળતા અને લયમધુરતા એ ગીતનું અગત્યનું લક્ષણ છે. ગીત સાહિત્ય અને સંગીતની સરહદ પરનો નિરાળો કલાપ્રકાર છે.

---

અરધા ડુંગર, અરધી રેતી,
વચમાં વચમાં થોડીક ખેતી.

થોડાં બકરાં, થોડા ઘેટાં,
ટેકરીઓનાં ઊંટ ઊંઘરેટાં !

વનરાજિ સમ આછીપાંખી
પ્રજા ઉઘાડી અરધી ઢાંકી.

રેત અને પથ્થરના વ્હેળા
વહે રુધિરના રેલા ભેળા.

સૂનો મહેલ, છતોને માથે
કાળ લટકતો ઊંધે માથે.

ટેકરીઓ પર ઊગે ભાણ,
ચેતક ઠેકે પ્હાણે પ્હાણ.

ભાલા, તીર બખ્તર ને ઢાલ :
સંગ્રહસ્થાને કેદી કાળ !

## ટિપ્પણ

**અરધા** - અડધી **ઊંઘરેટાં** - ઉંઘમાં ભરાયેલા **વનરાજિ** - ઝાડની લાંબી હાર, જંગલનો લાંબો પ્રદેશ **સમ** - જેમ **આછી પાંખી** - થોડી ઘણી, બહુ ઓછી નહીં ને વધુ પણ નહીં **રેલો** - નાનો પ્રવાહ **લટકતો** - લબડવું, ઝૂલવું, લબડવું **ભાણ** - સૂર્ય, સૂરજ **પ્હાણ** - પથ્થર **કેદી** - જેલમાં રહેલો ગુનેગાર (અહીં સમયનો કેદી, સંગ્રહસ્થાનનો કેદી) **કાળ** - સમય **ઠેકે** - કૂદવું, છલાંગ મારવી

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો.**

1. કવિને રાજસ્થાનની ધરતી પર શું જોવા મળે છે ?
2. રાજસ્થાની લોકોનો પહેરવેશ કેવો છે ?
3. રાજસ્થાનના સંગ્રહસ્થાનોમાં શું શું જોવા મળે છે ?
4. કવિને રાજા-મહારાજાના મહેલો કેવા દેખાય છે ?
5. રાજસ્થાનની પ્રજા વિશે કવિએ શું કહ્યું છે ?
6. ‘વહે રુધિરના રેલા ભેળા’ દ્વારા કવિ શાનું સૂચન કરે છે ?
7. ચેતકના ઉલ્લેખ દ્વારા કવિ કઈ વ્યક્તિનો ઉલ્લેખ કરે છે ?

**પ્રશ્ન 2. નીચેની કાવ્યપંક્તિ સમજાવો.**

(1) ‘વનરાજિ સમ આછી પાંખી,
પ્રજા ઉઘાડી અરધી ઢાંકી’

(2) ભાલા, તીર, બખ્તર ને ઢાલ :
સંગ્રહસ્થાને કેદી કાળ !

**પ્રશ્ન 6. નીચેના શબ્દોનાં વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

અરધા, ઊઘાડી, ઊગે

## પ્રવૃત્તિ

- રાજસ્થાની લોકગીત ‘जय जय राजस्थान’ નું પ્રાર્થનાસભામાં સમૂહગાન કરો.
- કાવ્યમાં રજૂ થયેલ શબ્દ ‘ચેતક’ વિશે શિક્ષક પાસેથી માહિતી મેળવો.

## ભાષાસજ્જતા

આપણે કોઈ સ્થળે ફરવા જઈએ અને ત્યાં ખૂબ મઝા કરીને પાછા આવીએ. ઘેર આવી તમને કોઈ પૂછે કે તમે ત્યાં શું કર્યું ? ત્યાં શું જોયું ? કોઈ જગ્યાનું વર્ણન કરતાં આવડે ખરું ? વર્ણન કરવું એટલે શું કરવું ? કોઈ એમ કહે કે, ‘અમે ગયા ત્યાં ડુંગર હતો. અમે ત્યાં ડુંગર ચઢ્યા, ઝાડ નીચે બેઠાં, રમ્યા; ખાધું-પીધું અને પાછા આવ્યા.’ તો આ વર્ણન કહેવાય.

વર્ણન એવું કરવું જોઈએ કે એ જગ્યા સાંભળનારને નજર સામે દેખાવા લાગે. તમને સારું ચિત્ર દોરતાં આવડતું હોય તો તમે ચિત્ર દોરી બતાવશો. પણ ચિત્ર દોરતાં ન આવડે તો ? શબ્દથી કામ ચલાવવું પડે. શબ્દો પણ ચિત્રનું કામ કરી શકે છે. વાંચનાર કે સાંભળનારની નજર સામે એ દૃશ્ય દેખાવા લાગે એવું શબ્દોનું ચિત્ર એટલે વર્ણન.